પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૪ | ૧૬ નવેમ્બર, ૨૦૨૧, મંગળવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મોરબીમાંથી ૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

**એટીએસની ટીમ દ્વારા મોરબીમાં દરોડા પાડતા ૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું : ડ્રગ્સની હેરાફેરી કરતા શખ્સો પર સકંજો કસતી પોલીસ : મોરબીમાં પાકિસ્તાનથી ડ્રગ્સ મગાવ્યોનો ખુલાસો : મોરબી ડ્રગ્સ કેસમાં સમસુદી સૈયદ, હુસૈન ઉર્ફે જબ્બાર જોડિયા અને ગુલામ હુસૈન નામના ત્રણ આરોપી પકડાયા**



અમદાવાદ,તા૧૫

પાકિસ્તાન સ્મગલરો ડ્રગ્સ લઈને આંતરરાષ્ટ્રીય સરહદ સુધી આવે છે. ત્યારબાદ આરોપીઓ પોતાની બોટ લઈ સરહદ સુધી જાય છે અને માલની ડિલિવરી લઈ લે છે. તેમણે કહ્યું હતું કે, ત્રણ આરોપીઓમાંથી ગુલાબ ભાગડ અને જબ્બાર બંને ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. દરિયાઈ માર્ગે આવેલું તમામ ડ્રગ્સ જપ્ત કરાયું છે. આ ડ્રગ્સ પહેલાં આફ્રિકા મોકલવાનું હતું બાદમાં ગુજરાતમાં મોકલવામાં આવ્યું છે. આ ડ્રગ્સ સલાયા લવાયા બાદ મોરબી લાવવામાં આવ્યું હતું.મોટાભાગનું ડ્રગ્સ ભારતમાં લાવીને વિદેશ મોકલવામાં આવે છે. ડ્રગ્સ ગુજરાતમાં પહોંચાડવા માટેનું કાવતરૂં છઈમાં ઘડવામાં આવ્યું હતું.રાજયની તમામ એજન્સીઓ સક્રિય છે અને તમામ જથ્થો ઝડપાઈ ચુક્યો છે અને બહાર કોઈ જથ્થો ગયો નથી. પાકિસ્તાનના ડ્રગ્સ સપ્લાયર ઝાહિદ બશિર બ્લોચ પાસે પાકિસ્તાન દરિયાઈ માર્ગે માલ મંગાવ્યો હતો. ઓકટોબરના છેલ્લા અઠવાડિયામાં જથ્થાની ડિલિવરી મધદરિયેથી લીધી હતી. દ્વારકાના સલાયામાં આ જથ્થાને સંતાડી દેવાયો હતો. બાદમાં મોરબીના ઝીંઝુડા ગામમાં આરોપી સમસુદીન સૈયદના નવા બની રહેલા ઘરમાં જથ્થો સંતાડયો હતો. આરોપી ગુલામ હુસૈન અને જબ્બાર અવાર નવાર દુબઈ જતા હતા. જેથી પાકિસ્તાની ડ્રગ માફિયા ગેંગ સાથે સંપર્કમાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં સૂર્યાસ્ત બાદ પણ થઈ શકશે મૃતદેહોનું પોસ્ટમોર્ટમ

**અંગ્રેજોના સમયની વ્યવસ્થા ખતમ થઈ : સ્વાસ્થ્ય મંત્રી**

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં હવે સૂર્યાસ્ત બાદ પણ મૃતદેહોનું



પોસ્ટમોર્ટમ થશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સોમવારે જાણકારી આપી કે સ્વાસ્થ્ય મંત્રાલયે નિર્ણય લીધો છે કે જે હોસ્પિટલોની પાસે રાત્રે પોસ્ટમોર્ટમ કરવાની સુવિધા છે, તે હવે સૂર્યાસ્ત બાદ પણ પોસ્ટમોર્ટમ કરી શકશે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, અંગ્રેજોના સમયની વ્યવસ્થા ખતમ થઈ ગઈ છે. નવા પ્રોટોકોલમાં કહેવામાં આવ્યું છે કે અંગદાન માટે પોસ્ટમોર્ટમ પ્રાથમિકતાના આધાર પર કરવું જોઈએ અને સૂર્યાસ્ત બાદ પણ તે હોસ્પિટલોમાં કરવું જોઈએ, જેની પાસે નિયમિત આધાર પર આ પ્રકારના પોસ્ટમોર્ટમ કરવા માટે પાયાની સુવિધા છે. પોતાના આ નિર્ણયમાં સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, કોઈપણ શંકાને દૂર કરવા અને કાયદાના ઈરાદા માટે રાત્રે તમામ પોસ્ટમોર્ટમ માટે વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે તે વાતની પણ જાણકારી આપી છે કે ક્યા મૃતદેહોનું રાત્રે પોસ્ટમોર્ટમ થશે નહીં. નિર્ણય પ્રમાણે જ્યાં સુધી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન હોય, ત્યાં સુધી હત્યા, આત્મહત્યા, બળાત્કાર, ક્ષતિગ્રસ્ત મૃતદેહ કેટેગરી હેઠળ રાત્રે પોસ્ટમોર્ટમ કરવામાં આવશે નહીં. સરકારે પોતાના આ નિર્ણય વિશે તમામ સંબંધિત મંત્રાલયો અને વિભાગો, રાજ્ય સરકારોને જાણકારી આપી દીધી છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય હેઠળના આરોગ્ય સેવાઓના મહાનિર્દેશાલયમાં એક તકનીકી સમિતિ દ્વારા સૂર્યાસ્ત પછી પોસ્ટમોર્ટમના મુદ્દાની તપાસ કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી કે કેટલીક સંસ્થાઓ પહેલાથી જ રાત્રિના સમયે પોસ્ટમોર્ટમ કરી રહી છે.

એક અધિકૃત સૂત્રએ જણાવ્યું હતું કે ટેકનોલોજીમાં ઝડપી પ્રગતિ અને સુધારણાને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને પોસ્ટમોર્ટમ માટે જરૂરી લાઈટિંગ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને, હોસ્પિટલોમાં રાત્રિના સમયે સ્વ-તપાસ કરવાનું શક્ય છે.

## સમગ્ર NCRમાં લોકડાઉન માટે સરકાર તૈયાર

**દિલ્હીમાં લોકડાઉન મુદ્દે સરકારની એફિડેવિટ : સમગ્ર એનસીઆર-આસપાસના રાજ્યોમાં લોકડાઉન લાગુ કરવા માટે વિચારવા દિલ્હીના મુખ્યપ્રધાનની સલાહ**

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટ તરફથી દિલ્હીમાં લોકડાઉન લાગુ કરવાની સલાહ મુદ્દે કેજરીવાલ સરકારે સોમવારે એફિડેવિટ દાખલ કરી હતી. તેમાં દિલ્હી સરકારે કહ્યું હતું કે, જો પ્રદૂષણ રોકવા માટે સમગ્ર એનસીઆરમાં લોકડાઉન લાગુ કરવામાં આવે તો પણ તે માટે સરકાર તૈયાર છે. દિલ્હી સરકારે કોર્ટને કહ્યું કે, તે લોકડાઉન લગાવવા માટે તૈયાર છે કારણ કે, હવાઓની સરહદ નથી હોતી. માટે કેન્દ્ર સરકારે સમગ્ર એનસીઆર અને આસપાસના રાજ્યોમાં લોકડાઉન લાગુ કરવા માટે વિચારવું જોઈએ.

સુનાવણી દરમિયાન દિલ્હી સરકારે પોતાની એફિડેવિટમાં કહ્યું કે, 'અમે સ્થાનિક ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે સંપૂર્ણ લોકડાઉન જેવા પગલાં ભરવા માટે તૈયાર છીએ.' પરંતુ આવા પગલાં ત્યારે જ કારગર સાબિત થશે જ્યારે સમગ્ર એનસીઆર અને પાડોશી રાજ્યોમાં પણ નિયંત્રણ લાગુ કરવામાં આવે.


હકીકતે, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે, દિલ્હી અને પૂર્વીય રાજ્યોમાં પ્રદૂષણ પાછળ પરાળી સળગાવવામાં આવે છે તે મહત્વનું કારણ નથી કારણ કે, પ્રદૂષણમાં તેનું માત્ર ૧૦ ટકા યોગદાન છે.

આ મુદ્દે સુપ્રીમ કોર્ટે વાયુ પ્રદૂષણ માટે પરિવહન, ઉદ્યોગો અને ટ્રાફિક વ્યવસ્થાને મુખ્ય કારણ ગણાવી દીધા.

## જાણીતા ઈતિહાસકાર-લેખક બાબાસાહેબ પુરંદરેનું નિધન

નવી દિલ્હી, તા.૧૫

ભારતના જાણીતા ઈતિહાસકાર અને લેખક બાબાસાહેબ પુરંદરેનું સોમવારે સવારે પુણેની દીનાનાથ મંગેશકર મેમોરિયલ હોસ્પિટલ ખાતે અવસાન થયું છે. તેઓ ૯૯ વર્ષના હતા. હોસ્પિટલ પ્રશાસનના કહેવા પ્રમાણે પુરંદરેને શનિવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને બાદમાં સ્થિતિ ગંભીર થતાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમની સ્થિતિમાં કોઈ સુધારો નહોતો થયો.



જાણવા મળ્યા મુજબ બાબા પુરંદરે પોતાના ઘરમાં બાથરૂમમાં પડી ગયા હતા. ત્યાર બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમના અવસાન અંગે જાણીને દેશભરના તેમના ચાહકોએ શોક વ્યક્ત કર્યો છે.

બાબાસાહેબ પુરંદરે દેશના લોકપ્રિય ઈતિહાસકાર-લેખક ઉપરાંત થિયેટર કલાકાર પણ હતા. તેઓ છત્રપતિ શિવાજી મહારાજ પરની વિશેષજ્ઞતાને લઈ પ્રખ્યાત છે. બાબા પુરંદરેએ શિવાજીના જીવનથી લઈને તેમના પ્રશાસન અને તેમના કાળના કિલ્લાઓ અંગે પણ અનેક પુસ્તકો લખ્યા છે. તે સિવાય તેમણે છત્રપતિના જીવન અને નેતૃત્વ શૈલી પર એક લોકપ્રિય નાટક- જનતા રાજાનું પણ ડિરેક્શન કર્યું હતું. બાબા પુરંદરેના અવસાન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.

## ઓક્ટોબરની જથ્થાબંધ મોંઘવારી ૧૨.૫૪ ટકા ઉપર પહોંચી ગઈ

**સરકાર માટે મોંઘવારીના મોરચે ફરી ચિંતાજનક સમાચાર : સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી ૧૦.૬૬ ટકા હતી જ્યારે મે ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી ૧૩.૧૧ ટકાની ઊંચાઈ સુધી ગઈ હતી**

નવી દિલ્હી, તા.૧૫

સરકાર અને રિઝર્વ બેંક માટે મોંઘવારીના મોર્ચે એકવાર ફરી ચિંતાજનક સમાચાર આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૧ મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત મોંઘવારી ૧૨.૫૪ ટકા સુધી પહોંચી ગઈ છે. આ મે બાદનો અત્યાર સુધીનો સૌથી ઊંચો સ્તર છે.

સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી ૧૦.૬૬ ટકા હતી. ખાદ્ય કિંમતોમાં કેટલીક નરમીના કારણે મોંઘવારીનો આંકડો થોડો નરમ હતો. અગાઉ મે ૨૦૨૧ માં જથ્થાબંધ મોંઘવારી ૧૩.૧૧ ટકાની ઊંચાઈ સુધી ગઈ હતી.

આ દરમિયાન તેલીબિયાંની કિંમતોમાં ૨૬.૩૯ ટકા, પેટ્રોલની



કિંમતમાં ૬૪.૭૨ ટકા અને ડીઝલની કિંમતમાં ૭૧.૬૮ ટકાનો વધારો થયો. આ દરમિયાન એલપીજીની કિંમતમાં ૫૪.૩ ટકાનો વધારો થયો છે.

વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સોમવારે જારી આંકડા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૦માં જથ્થાબંધ મોંઘવારી લગભગ ૧.૩૧ ટકા હતી, પરંતુ આ આંકડો ત્યારનો છે, જ્યારે કોરોનાના કારણે ઈકોનોમી લગભગ ઠપ હતી.

ઓકટોબરમાં મોંઘવારીના કારણ મુખ્યરીતે તેલીબિયા, પેટ્રોલ-ડીઝલ, એલપીજી વગેરેની ઉંચી કિંમતો છે. મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યુ, ઓક્ટોબર ૨૦૨૧માં મોંઘવારીનો ઉંચો દર મુખ્યતઃ આ કારણથી છે કે ખનીજ તેલ, બેઝિક મેટલ, ખાદ્ય ઉત્પાદો, કાચુ તેલ અને પ્રાકૃતિક ગેસ, રસાયણ અને રસાયણ ઉત્પાદ વગેરેની કિંમતોમાં વધારો થયો.

● અનુસંધાન પાન-૭ પર

## રવી શાસ્ત્રીની લિજેન્ડ્સ લિગ ક્રિકેટ કમિશનર તરીકે નિમણૂક

**એલએલસીનું પહેલું સત્ર આગામી વર્ષે જાન્યુઆરી ૨૦૨૨માં ખાડીના કોઈ દેશમાં આયોજિત થશે**

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય ટીમના પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીને આગામી વર્ષથી શરૂ થનારી લીજેન્ડ્સ લીગ ક્રિકેટ (એલએલસી)ના કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એલએલસીનું પહેલું સત્ર આગામી વર્ષે જાન્યુઆરી ૨૦૨૨માં ખાડીના કોઈ દેશમાં આયોજિત થવાનું છે. આ લીગમાં ક્રિકેટમાંથી સન્યાસ લઈ ચુકેલા ખેલાડીઓ ભાગ લેવાના છે.



આ લીગના આયોજકો તરફથી જાહેર વિજ્ઞપ્તિમાં શાસ્ત્રીએ કહ્યું કે, 'ક્રિકેટ સાથે જોડાયેલા રહેવું ખૂબ સારૂં લાગે છે, ખાસ કરીને રમતના એ દિગ્ગજો સાથે જે પોતાના સમયના ચેમ્પિયન રહ્યા છે. આ ગંભીર ક્રિકેટની સાથે ખૂબ મજેદાર પણ બનવાનું છે. આ દિગ્ગજોને કશું પણ ફરી સાબિત નથી કરવાનું પરંતુ તેમની પ્રતિષ્ઠા દાંવ પર લાગી હશે.'

રવિ શાસ્ત્રીએ કહ્યું કે, 'હું તમને આશ્વસ્ત કરી શકું છું, એ જોવાનું ખૂબ દિલચસ્પ રહેશે કે તેઓ આના સાથે કેવો ન્યાય કરે છે. લીજેન્ડ્સ લીગ ક્રિકેટનો હિસ્સો બનીને હું ખૂબ રોમાંચિત છું. આ એક અનોખી પહેલ છે અને અમને તેનું ભવિષ્ય ખૂબ જ ઉજ્વળ દેખાઈ રહ્યું છે.'

## ભારતે માળખાકીય નિર્માણ માટે રેકોર્ડ રોકાણ કર્યું : પ્રધાનમંત્રી મોદી

**વડાપ્રધાને રાની કમલાપતિ રેલવે સ્ટેશનનું ઉદ્દ્ઘાટન કર્યું : રેલવે સ્ટેશનનું નામ રાની કમલાપતિ કરાયું, સ્ટેશન પર એરપોર્ટ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે**

ભોપાલ, તા.૧૫

મધ્ય પ્રદેશના ભોપાલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે રાની કમલાપતિ રેલવે સ્ટેશનનું




ઉદ્દ્ઘાટન કર્યું છે. આ તકે તેમણે એક ટ્રેનને લીલી ઝંડી દેખાડીને રવાના કરી છે. પીએમ મોદીએ ઉદ્દ્ઘાટન બાદ કહ્યુ કે, નામ બદલવાથી સ્ટેશનનું મહત્વ વધી જાય છે. મહત્વનું છે કે આ સ્ટેશનનું નામ પહેલા હબીબગંઝ રેલવે સ્ટેશન હતું, જેને બદલીને હવે રાની કમલાપતિ કરી દેવામાં આવ્યું છે. સ્ટેશનને વર્લ્ડ કલાક સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવ્યું છે. આ સ્ટેશનમાં લોકોને એરપોર્ટ જેવી સુવિધા મળશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, ભારતીય રેલવેનું ભવિષ્ય કેટલું આધુનિક છે, કેટલું ઉજ્જ્વળ છે તેનું પ્રતિબિંબ ભોપાલના આ ભવ્ય રેલવે સ્ટેશનમાં જે પણ આવશે, તેને જોવા મળશે. તેમણે કહ્યું, 'સ્ટેશન પર ભીડ, ગંદકી, ટ્રેનની રાહ જોવામાં કલાકોની ચિંતા. સ્ટેશન પર બેસીને ખાવા-પીવાની અસુવિધા. ટ્રેનની અંદર ગંદકી, સુરક્ષાની ચિંતા. દુર્ઘટનાનો ડર. આ બધુ એક સાથે મગજમાં ચાલતું રહે છે. ભારત કઈ રીતે બદલાય રહ્યું છે, સપનું કઈ રીતે સાકાર થઈ શકે છે, જે જોવાનું હોય તો આજે તેનું એક ઉત્તમ ઉદાહરણ ભારતીય રેલવે પણ બની રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે ભોપાલના આ ઐતિહાસિક રેલવે સ્ટેશનની માત્ર કાયાકલ્પ થઈ નથી, પરંતુ ગિન્નોરગઢના રાણી કમલાપતિનું તેની સાથે નામ જોડતા મહત્વ વધી ગયું છે.

## ૧૯મીએ ૬૦૦ વર્ષનું સૌથી લાંબુ આંશિક ચંદ્રગ્રહણ

**આંશિક ચંદ્રગ્રહણ પ. આફ્રિકા, પ. યુરોપ, ઉ. અમેરિકા, દ. અમેરિકા અને એશિયાના કેટલાક ભાગોમાં દેખાશે**

નવી દિલ્હી, તા.૧૫

૧૯ નવેમ્બર, કાર્તિક પૂર્ણિમાના રોજ આંશિક ચંદ્રગ્રહણ છેલ્લા ૬૦૦ વર્ષમાં સૌથી લાંબુ ચંદ્રગ્રહણ છે, જેના કારણે ખગોળશાસ્ત્રીઓ તેમજ મેદિની જ્યોતિષશાસ્ત્રના નિષ્ણાતો તેના વિશે ખાસ કરીને ઉત્સુક છે. આ ચંદ્રગ્રહણ ભારતીય સમય અનુસાર ૧૦:૫૯ વાગ્યે છે. લગભગ ૪ કલાક સુધી ચાલનાર આ આંશિક ચંદ્રગ્રહણ પશ્ચિમ આફ્રિકા, પશ્ચિમ યુરોપ, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને એશિયાના કેટલાક ભાગોમાં દેખાશે. ભારતમાં તે અરુણાચલ પ્રદેશ અને આસામમાં થોડા સમય માટે જ દેખાશે. શુક્રવારના રોજ પડનારા આ ગ્રહણ સમયે ચંદ્ર કૃતિકા નક્ષત્રમાં વૃષભ રાશિમાં હશે જેના કારણે દૂધનો વેપાર કરનારા લોકો, પશુપાલકો માટે પરેશાની થઈ શકે છે. વેપારીઓ, મહત્વપૂર્ણ લોકો અને વિશિષ્ટ પદો પર આસીન લોકો માટે આ ગ્રહણ કષ્ટકારી સાબિત થશે. આ ચંદ્રગ્રહણના થોડા દિવસોમાં દૂધની કિંમત વધી શકે છે. ગ્રહણ સમયે સૂર્ય અને ચંદ્ર અનુક્રમે રાહુ કેતુની અક્ષમાં વૃશ્ચિક અને વૃષભ રાશિમાં હશે.

**ગ્રહણને લઈને મેદિની જ્યોતિષશાસ્ત્રના નિષ્ણાતો ઉત્સુક**

વૃશ્ચિક રાશિના પ્રભાવને કારણે ગ્રહણના થોડા દિવસોમાં દિલ્હી-એનસીઆરમાં કોરોનાના કેસ વધવાની આશંકા છે. વૃષભથી પ્રભાવિત બિહાર અને ઝારખંડમાં અસાધારણ વરસાદને કારણે જાન-માલનું નુકસાન થઈ શકે છે.

## પ્રદૂષણ મામલે લાહોર પ્રથમ ક્રમાંકે, દિલ્હી બીજા સ્થાને

**સુપ્રીમની નારાજગી બાદ દિલ્હીમાં પ્રદૂષણની માત્રામાં ઘટાડો : ગયા અઠવાડિયે દિલ્હીની હવામાં સામાન્ય સુધારો, પરંતુ અહીંની હવા સ્વસ્થ વ્યક્તિને બીમાર કરવા માટે પૂરતી છે**

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટની નારાજગી બાદ દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ઓછુ કરવા માટે ઉઠાવવામાં આવેલા



પગલાનો થોડો ઘણો ફાયદો થયો છે. સોમવારે સમગ્ર દુનિયાના એર ક્વોલિટી ઈન્ડેકસ પર નજર રાખનારી સંસ્થા આઈક્યૂ એર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર દિલ્હી વાયુ પ્રદૂષણના મામલે એક સ્થાનેથી ખસીને બીજા સ્થાને આવી ગયુ છે. સૌથી ખરાબ હવા પાકિસ્તાનના લાહોરની નોંધવામાં આવી છે. અહીંનો એક્યુઆઈ ૪૧૯ રહ્યો, તો દિલ્હીમાં એક્યુઆઈ ૨૮૬ રેકોર્ડ કરવામાં આવ્યો.

ગયા અઠવાડિયે દિલ્હીની હવામાં સામાન્ય સુધારો જોવા મળ્યો, પરંતુ અહીંની હવા હજુ પણ એટલી ખરાબ છે કે તે કોઈ પણ સ્વસ્થ વ્યક્તિને બીમાર કરવા માટે પૂરતી છે. આઈક્યુ એર દ્વારા જારી કરવામાં આવેલા દુનિયાના ટોપ-૧૦ શહેરોની યાદીમાં ભારતના બે શહેર સામેલ છે.

**ગુમ થયેલ છે**

સરગાસણ વિસ્તારમાં અગત્યના ડૉક્યુમેન્ટ ગુમ થયેલ છે. જેમાં મેડીકલ કૉલેજના પ્રમાણપત્ર તથા નોંધણી નંબર છે.

**જે કોઈને મળે તો પર કરનારને યોગ્ય બદલો આપશું.**

સંપર્ક

**૮૨૩૮૧૧૧૫૩૫**

(ડો. ફેનીલ નંદાણી)